વેપારી જગત, ઉદ્યોગ ક્ષેત્ર અને
શેરબજારના પ્રવાહોની સાચી
જાણકારી માટે
અચૂક વાંચો
ફાઈનાન્સિયલ એક્સપ્રેસ

જનસત્તા
લોકસત્તા
અમદાવાદ, વડોદરા અને રાજકોટથી એકસાથે પ્રગટ થતું એક્સપ્રેસ જૂથનું દૈનિક

# એટનબરોની ગાંધી ફિલ્મ જોઈને તેઓ ગાંધીના રંગે રંગાયા !

અમદાવાદ, બુધવાર

એટનબરોની ગાંધી ફિલ્મ જોયા પછી ગાંધી પ્રત્યે તેમની પ્રવૃત્તિઓ અંગે અનુરાગ થતાં તેમનું જીવન ચરિત્ર વાંચ્યા પછી છેલ્લા કેટલાક સમયથી ગાંધીજીની ભૂમિ પ્રત્યે પીટર રુહે ખેંચાયા છે. ગાંધીવિચાર ધારા અમલમાં મૂકીને તેના પ્રચાર અને પ્રસાર માટે પશ્ચિમ જર્મનીમાં પ્રયાસ કરી રહ્યા છે. આજ સુધીમાં શ્રી રુહ પાંચવાર ગુજરાતની મુલાકાતે આવી ગયા છે.

ગુજરાતની ૪૩ દિવસની મુલાકાતે આવેલા શ્રી પીટર રુહે આજે એક મુલાકાતમાં કહ્યું હતું કે મારી સાથે બાર યુવાનો આવ્યા છે. તેઓ ગાંધીપ્રેમી છે. ભારતમાં ચાલતી ગાંધી પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવા આવ્યા છે. ફ્રેન્કફર્ટથી મુંબઈ, વેડછી, વગેરે વિસ્તારની મુલાકાત પૂરી કરી તેઓ અમદાવાદ આવ્યા છે. તેઓ ગાંધી આશ્રમમાં રોકાયા છે. તેઓ ગાંધીઆશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ અને મજૂર મહાજન સંઘ વગેરે જોવાના છે.

રાજકોટ, પોરબંદર, માંગરોળ, ભાવનગર, વગેરે સૌરાષ્ટ્રના સ્થળોનો પ્રવાસ કરવાના છે. ૫ થી ૧૭ જાન્યુઆરી સુધી સૌરાષ્ટ્રમાં ૪૦૯ કિલોમીટરનો સાયકલ પ્રવાસ કરીને ગુજરાતના ગામડાનું દર્શન કરવાના છે.

શ્રી પીટરે કહ્યું પશ્ચિમ જર્મનીમાં ગાંધી વિચારધારાને વેગ મળી રહ્યો છે. લંડનમાં ગાંધીજી સાહિત્ય-પ્રવૃત્તિઓનું કાયમી મ્યુઝિયમ ઉભું કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આ ઉપરાંત પેલેસ્ટાઈનના સહકારથી ઇઝરાયેલમાં પણ ગાંધી અંગે પ્રદર્શન યોજવાની ઇચ્છા ધરાવે છે. એટલું જ નહિ, ગાંધીજી,- માર્ટીન લ્યુથર કીંગ જેવી વ્યક્તિઓએ જુદા જુદા તબક્કે ચલાવેલા અહિંસક ચળવળને ધ્યાનમાં રાખીને ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવા પણ ઇચ્છે છે.

---

Lok Satta (Ahmedabad) 24.12.87 Seite 1

## Von Attenboroughs Gandhi-Film beeindruckt

Ahmedabad (Mittwoch). Nachdem er den Gandhi-Film von Attenborough gesehen hatte, entwickelte er eine Zuneigung zu Gandhis Aktivitäten; er lies seine Autobiographie und fühlt sich dem Lande Gandhis hingezogen. Peter Rühe handelt nach der Gandhi-Ideologie und versucht sie in West-Deutschland zu verbreiten. Bis jetzt hat Herr Rühe Gujarat fünf Mal besucht.

Während eines 43-tägigen Besuchs in Gujarat sagte Peter Rühe heute in einem Interview:"Mit mir sind 12 junge Leute die Gandhi verehren nach Indien gekommen, um die Aktivitäten Gandhis in Indien besser kennenzulernen."Von Frankfurt sind sie nach Bombay gekommen und nach einem Besuch in Vedchchi sind sie jetzt in Ahmedabad, wo sie im Gandhi-Ashram wohnen. Sie werden den Gandhi-Ashram, Gujarat Vidya Pith, das Gewerkschaftshaus etc. besuchen.

Sie werden Rajkot, Porbandar, Mangrol, Bhavnagar und weitere Orte in Saurashtra bereisen. Zwischen dem 5. und 17.Januar unternehmen sie eine Fahrradtour von 409 km in Saurashtra um die Dörfer Gujarats kennenzulernen.

Herr Peter sagte:"In West-Deutschland nimmt die Verbreitung der Gandhi-Ideologie zu. In London versucht man ein ständiges Museum der Gandhi-Aktivitäten zu errichten. Darüberhinaus hat er den Wunsch in Israel durch die Zusammenarbeit mit Palestinänsern eine Gandhi-Austellung zu organisieren. Nicht nur das: er möchte auch einen Dokumentarfilm erstellen über die verschiedenen gewaltlosen Bewegungen die von Gandhi, Martin Luther King jr. usf. bei verschiedenen Anlässen durchgeführt wurden.